# બં.અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ગ્લોબલ ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર એડવાન્ટા સીડ્સ દ્વારા મોટીવેશનલ વ્યાખ્યાન આપવામાં આવ્યું.

બં.અ. કૃષિ મહાવિદ્યાલય ના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત બી.એસ.સી.(એગ્રી) ના છેલ્લા વર્ષના આણંદ,વસો તથા જબુગામ કોલેજના વિદ્યાર્થીઓ તથા પીજી વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી માટે આ જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને એડવાન્ટા સીડ્સ કંપની ના ગ્લોબલ ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર શ્રી ભૂપેન દુબે દ્વારા મોટીવેશનલ વ્યાખ્યાન ઓનલાઈન વેબીનાર દ્વારા આપવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં વિશેષ કરીને કૃષિ ઉદ્યોગ સાહસિકતા વિકાસ વિષય ઉપર શ્રી દુબે એ વિશેષ જાણકારી આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે કૃષિ સેક્ટર માં ઉદ્યોગ સાહસિકતા (Entrepreneurship Development) વિકાસ અત્યંત જરૂરી છે અને તેમાં ઘણી બધી તકો છે. વિદ્યાર્થીઓને તેમણે ભવિષ્યમાં હાય બ્રીડ સીડ્સ કન્સલ્ટન્સી,કૃષિ ઓજારો ની કન્સલ્ટન્સી, ફળ અને શકભાજી મા મુલ્ય વ્રુધ્ધી જેવા વિષયો ઉપર સ્ટાર્ટઅપ પ્રોગ્રામ લઈ ધંધામાં આગળ વધી શકાય તે માટે ખાસ કરીને સ્ટ્રેટેજીક પ્લાનીંગ, ટેકનોલોજી એક્સપરટાઈઝ, સેલ્સ સ્ટ્રેટેજી જેવા વિષયો ઉપર વિસ્તૃત રીતે સમજણ આપી હતી. આ ઓનલાઈન વેબીનારમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓએ તેમને આ વિષયને લગતા ઘણા પ્રશ્નો નું અસરકારક નિરાકરણ શ્રી ભૂપેન દુબે પાસેથી મેળવ્યું હતું.આ કાર્યક્રમનું સફળ આયોજન, અમલીકરણ અને સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ.વાય.એમ.શુક્લા તથા કૃષિ વિસ્તરણ વિભાગના વડા ડૉ. જે.બી.પટેલ તેમજ મદદનીશ પ્રાધ્યાપક ડૉ.વિનયકુમાર તેમજ ડૉ. આર.જી.પરમાર ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તથા ડૉ.ક્ષિતિજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું.






AAU